# લૌટ કે આ જા મેરે મીત



## ૨૭ ઑગસ્ટ : મુકેશની પુણ્યતિથિ

**ગા**યક 'મુકેશ'. ઓ જાનેવાલે હો શકે તો મુકેશ જોરાવરચંદ માથુર એટલે ગાયક મુકેશ. ચલચિત્ર ઉદ્યોગના એક જમાનામાં અભિનેતા, સંગીતકાર અને નિર્માતા તેમની નિર્માણ સંસ્થા ડાર્લિંગ ફિલ્મ્સ... અવાજમાં મધુરતા, સરળતા અને સાહજિકપણું. સૌ કોઈ એમનાં ગીતો ગાઈ શકે એવો અવાજ. ..... જન્મ દિલ્હી, કાર્યક્ષેત્ર મુંબઈ, અવસાન ૨૭ ઓગસ્ટ ૧૯૭૬ અમેરિકાના ડેટ્રોઈટ શહેરમાં.

૧૯૪૧ની નિર્દોષ ફિલ્મમાં અભિનય કર્યો અને પ્રથમ ગીત ગાયું 'દિલ હી બુઝા હુઆ સા હૈ'

અભિનેતા મોતીલાલ તેમના સગપણમાં. તેમના માટે ૧૯૪૬માં 'પહેલી નઝર' ફિલ્મમાં ગીત ગાયું. સંગીત અનિલ બિશ્વાસ દિલ જલતા હૈ તો જલને દે...... ગીત પર સહગલના અવાજનો આભાસ હતો. ૧૯૪૮માં મેલા અને ૧૯૪૯માં મહેબૂબનાં અંદાઝ ચિત્રથી નામના મળી. દિલીપકુમારનાં ગીતો નૌશાદે તેમની પાસે ગવડાવ્યા. રાજ કપૂર અને શંકર જયકિશન પહેલા મુકેશને ગાવાની તક આપનાર નૌશાદ હતા. અનોખી અદા (મહેબૂબ) માં ગીતો ગાયેલા ૧૯૫૦ માશૂકા ચિત્રમાં હિરો બન્યા. સફળ ન થયા. અભિનેત્રી સુરૈયા ૧૯૫૧માં નિર્માતા બની, 'મલ્હાર' ફિલ્મ બનાવી. ગીતકાર ઈન્દીવર, પ્રથમ ફિલ્મ સંગીત રોશન, ફિલ્મ ઝાઝી સફળ ન થઈ. ૧૯૫૩ રાજ કપૂરના આહ ચિત્રમાં ગાડીવાન બની ગીત ગાયું. ૧૯૫૬ 'અનુરાગ' ચિત્રના સંગીતકાર બન્યા. સફળ ન થયા, છેવટે ગાયક તરીકે રહેવાનું ચાલુ રાખ્યું. છેવટ સુધી અનેક સફળ ગીતો ગાયા. નેશનલ બેઝ પર બેસ્ટ ગાયક એવોર્ડ મળ્યો. ૧૯૭૪ માં 'રજનીગંધા' ફિલ્મ માટે ૧૯૫૯માં અનાડી, ૧૯૭૨માં બેઈમાન અને ૧૯૭૬માં 'કભી કભી' ફિલ્મ મારે ફિલ્મફેર એવોર્ડ મળ્યા. રાજ કપૂર, દિલીપકુમાર, મનોજકુમાર, રાજેશ ખન્નામાં વગેરે અગણિત અભિનેતાઓને પ્લેબેક આપ્યું. નૌશાદથી માંડી દાનસિંહ સુધીના સંગીતકારો સાથે કામ કર્યું. સ્વભાવ નિખાલસ, સાલસ, સરળ અને મૃદુભાષી પુત્ર નીતિન મુકેશ (ગાયક), નીલ નીતિન મુકેશ અભિનય ક્ષેત્રે કાર્યરત છે.

ગાયક મુકેશજી અને ગાયક કિશોરકુમારે કોઈ એક ચિત્રમાં સાથે ગીત ગાયું હોય, એવું કોઈ આપણને કહે તો, આપણે સાચું માનીએ ખરા? પ્રથમ નજરે તો આ વાત જ ન માનીએ. પણ આ નરી વાસ્તવિકતા છે.

૧૯૭૧ની એક ફિલ્મમાં આ શક્ય બન્યું નિર્માતા દિગ્દર્શક, ગીતકાર 'ગુલઝાર' બનાવેલ એ ચિત્રે મેરે અપને' તેમાં વિનોદ ખન્ના, શત્રુઘ્ન સિંહા, યોગીતા બાલી અને મીનાકુમારીની ભૂમિકાઓ હતી. ગુલઝારના ગીતના શબ્દો અને સલીલ ચૌધરી સંગીતકાર

**હાલચાલ ઠીકઠાક હૈ**
**સબકુછ ઠીકઠાક હૈ**

આ જ ચિત્રમાં કિશોરકુમારનું એક હૃદયસ્પર્શી ગીત હતું

કોઈ તો હોતા. જિસકો અપના,
હમ અપના કહ લેતે યારો
પાસ નહિ તો દૂર ભી હોતા
લેકિન કોઈ મેરા અપના

૧૯૬૨ની સાલ સુરત ઔર સિરત' નામની ફિલ્મ અને નૂતન ધર્મેન્દ્રની મુખ્ય ભૂમિકા. શૈલેન્દ્રનાં ગીતો અને રોશનનું સંગીત. દિગ્દર્શક રજનીશ બહલ.

આ ચિત્રમાં શૈલેન્દ્રે એક યાદગાર ગીત લખ્યું. જે માણસમાં રહેલા આશાવાદને જીવંત કરનારુ, આશાવાદને જગાડનારું ગીત હતું. મુકેશે આ ગીત ખૂબ સરસ રીતે ગાયું. શબ્દો હતા,

**''બહોત દિયા હૈ,**
**દેને વાલેને તુજ કો''**
**આચલમેં હી ન સમાયે,**
**તો ક્યા કીજે'**

બાકીની લીટીમાં માણસને ધીરજ રાખી ઈશ્વરને પ્રાર્થના કરવા કહે છે.

''બીત ગયે હૈ ... યે દિન રૈના
બાકી ભી કટ જાયેંગે દુવા કીજે''

આ ગીતની બીજી એક વિશિષ્ટતા એ છે કે બહુ ઓછા વાજિંત્રોનો ઉપયોગ કર્યો હતો અને સુમધુર ગીત બનાવ્યું હતું. પ્રભુને પ્રાર્થના કરજો, બાકીના દુઃખના દિવસો પણ વીતી જશે. ફરિયાદ ન કરશો. આત્મઘાતી પગલું ન લેશો. ઈશ્વર બધું ઠીક કરશે.

**''જિંદગી ખ્વાબ હૈ,**
**થા હમે ભી પતા...**

ભારતીય ચલચિત્ર ઉદ્યોગના અભિનેતા મોતીલાલ અનાડી, લીડર, જાગતે રહો, અલ દિલ્લી દૂર નહિ વગેરે ચિત્રોમાં ભૂમિકા ભજવ્યા પછી નિર્માતા બન્યા. અને પોતાના પ્રથમ ચિત્ર તરીકે ''છોટી છોટી બાતે'' ચિત્રની જાહેરાત કરી અભિનેતાઓ સ્વયં મોતીલાલ અને અભિનેત્રી નાદિરા. ગીતકાર શૈલેન્દ્ર, સંગીતકાર અનિલ બિશ્વાસ અને દિગ્દર્શક મોતીલાલ પોતે. ચિત્રનું એક ગીત જે શૈલેન્દ્રે લખેલું. ભૂલ્યું ભૂલાય એવું નથી. એક યાદગાર ગીત બની ગયું છે. જેના શબ્દો હતા હચમચાવી નાખે એવા...

**''જિંદગી ખ્વાબ હૈ.**
**થા હમે ભી પતા''**
**લેકિન હમે જિંદગી સે**
**બહોત પ્યાર થા**
**ચંદ દિન કા બસેરા થા**
**યહાં, હમ તો મહેમાન થે**
**ઘર તો ઉસપાર થા,**
**ઔર હમસફર**
**એક દિન તો**
**બિછડના હી થા.''**
**અલવિદા....અલવિદા...**
**અલવિદા.**

ચિત્ર નિષ્ફળ ગયું. મોતીલાલ હતાશ થઈ ગયા, ખોટમાં ગયા આર્થિક રીતે ખુવાર થઈ ગયા અને તે પછી ઝાઝું ન જીવ્યા એક દિવસ ખુદ તેઓ જ જિંદગીને અલવિદા કહી ચાલી નીકળ્યા. તે દિવસ હતો ૧૭ જૂન ૧૯૬૫. કહે છે કે ચિત્ર રજૂ થાય તે પહેલાં જ તેમનું અવસાન થઈ ગયું હતું. અને તેમને શ્રદ્ધાંજલિ રૂપે આ ગીત ચિત્રની શરૂઆતમાં મુકવામાં આવ્યું અને છેલ્લે...

સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુને શ્રદ્ધાંજલિ રૂપે એક બાળગીત શૈલેન્દ્રે લખેલું. ગાયક મુકેશ.

*ફૂલ ખિલેગા બાગોમેં જબ તક*
*ગુલાબ કા પ્યારા*
*તબ તક જિંદા હૈ ધરતી પર,*
*ચાચા (નહેરુ) નામ તુમ્હારા*

– **હર્ષદરાય દેસાઈ**

પરદે કે પીછે



રમાબહેન શાહ

# કંઈક એવું કરવું જે બીજાએ ન કર્યું હોય

પ્રતિભા

**આં**ખે પાટા બાંધીને આબેહૂબ ગણેશજીની મૂર્તિ બનાવનાર રમાબેન સતીશભાઈ શાહનું નામ વાચકમિત્રોથી અજાણ્યું નથી.

નાનપણથી આર્ટ અને ક્રાફ્ટનો શોખ ધરાવતાં રમાબેનને એમનો શોખ આજે ક્યાંથી ક્યાં લઈ ગયો છે! ૨૦૦૦ની સાલમાં સ્વપ્નમાં ગણેશજીએ દર્શન આપ્યા ત્યારથી એમણે મૂર્તિઓ બનાવવાનું શરૂ કર્યું. ૯૯ દિવસમાં ૯૯૯૯ મૂર્તિઓ કંડારવાનું ધ્યેય પૂર્ણ કર્યું. લિમ્કા અને ગિનેસ બુકમાં વિશ્વવિક્રમ નોંધાવવા ઉપરાંત બીજા અનેક એવોર્ડ પ્રાપ્ત કરનાર રમાબેને ૯-૯-૦૯ના રોજ ૯૯, ૯૯૯ મૂર્તિ બનાવવાનું લક્ષ્યાંક પૂરું કર્યું છે.

સાયન જૈન સોસાયટીમાં રહેતાં રમાબેનને હંમેશાં થતું કંઈક એવું કરવું જે ક્યારેય બીજાએ ન કર્યું હોય. છેલ્લાં અગિયાર વર્ષમાં એમણે લગભગ દોઢ લાખ મૂર્તિઓ બનાવી છે. સરળ અને સૌમ્ય રમાબેન ઘર-પરિવારની જવાબદારી બખૂબીથી નિભાવવાની સાથોસાથ સંસ્થાઓ, મંડળોનાં આમંત્રણનો સ્વીકાર કરી પોતાની કલા દાખવે છે.

એમની બનેલી મૂર્તિઓ લોકો પૂર્ણ શ્રદ્ધાથી ઘરે લઈ જાય છે. અને ઘરમાં સ્થાપિત કર્યા પછી એમના મનોરથ પૂર્ણ થાય છે અને ઘરમાં સુખ-શાંતિ રહે છે એવી શ્રધ્ધા લોકોનાં દિલમાં દ્રઢ થઈ છે. રમાબેનનાં ઘરનું ભક્તિમય અને ગણેશમય વાતાવરણ શાંતિ અને આનંદનો અહેસાસ કરાવે છે. ચારે બાજુ ગણેશજી અને દેવ-દેવીઓની નયનરમ્ય મૂર્તિઓ દ્રષ્ટિગોચર થાય છે.

'નાનપણમાં એલિમેન્ટ્રી પરીક્ષા 'બી' ગ્રેડ સાથે પાસ કરી હતી. પણ પછી ઈન્ટરમિડિયેટની પરીક્ષા આપવાની રહી જતી હતી. ૨૦૧૦ના વર્ષમાં મક્કમ થઈ, સમય ફાળવી અને મહેનત કરી પરીક્ષા આપી. જેનું સર્ટિફિકેટ હમણાં ૨૦૧૨માં મળ્યું. પરીક્ષા પછી દોઢ-બે વર્ષે સર્ટિફિકેટ મળે છે. અમારાં સેન્ટરમાં મારી ઉંમરનું કોઈ ન હતું. બધાં નાની ઉંમરનાં જ હતાં. તેમ છતાં શરમ રાખ્યાં વગર ખુશમિજાજ રહીને મેં પરીક્ષા આપી. મારાં પતિ તેમજ પરિવારનો પૂર્ણ સાથ હોવાને કારણે હું દરેક કાર્ય સફળતાથી પૂર્ણ કરી શકું છું' એમ રમાબેન ગૌરવ સાથે જણાવે છે.

તાજેતરમાં તેઓ મહારાષ્ટ્ર ગવર્નમેન્ટ તરફથી લેવાતી ઈન્ટર મિડિયેટની પરીક્ષામાં 'એ' ગ્રેડ મેળવી ઉત્તીર્ણ થયાં છે. બારમી સપ્ટેમ્બર ૨૦૧૨ સુધીમાં રમાબેન બે લાખ મૂર્તિનો રેકર્ડ પૂર્ણ કરવા ચાહે છે. એમને એમાં સફળતા મળે એવી અભ્યર્થના...



## મોડું ના કર મેઘલા (દોહા)

મોડું ના કર મેઘલા
પડ તું અનરાધાર
ખેડૂતોની આંખમાં
આસુ છે ચોંધાર

ગરદનને ઊંચી કરી
મોર કરે છે સાદ
તારા આ રીસામણા
છોડી દે વરસાદ

જોઈ કાળાં વાદળો,
આશ ઘણી બંધાય,
નભમાં કરતા હાઉકલી,
પલભરમાં વિખરાય.

પશુ પંખીને માનવી,
અરજ કરે છે આજ
વરસ હવે તું વાદળા
ના થાજે નારાજ

મહેર હવે કર મેઘલા
મોડું ના કર તાત
સૂકા છે સરવર અને
પ્યાસી ધરતી માત્

**મઝગામ :** **પ્રકાશ દેવજી જોબનપુત્રા - પ્રદેવ**



## અલી વાદળી !

અલી વાદળી, આવ,
પાણી વરસાવ,
હવે ના રે તરસાવ... અલી...
સૂનું આકાશ ને સૂની રે ધરતી,
પાણી વિના જોને સૃષ્ટિ શું મરતી!
અલી! તડપન સૌ દિલની મિટાવ... અલી ...
સુડકાં આ ઝાડવનાં ને લૂખ્ખાં આ જિયરા,
દિલને અડકાવતા ઊના આ વાયરા,
અલી! કરમાતાં મુખ હરખાવ ... અલી...
ચુસણાં નીર, તારી બંધાણી કાયા,
ચેતનને જીવન સૌ તુજમાં સમાયાં,
અલી! હૈયાંની પ્યાસ તુ બુઝાવ... અલી...

**બોરીવલી :** **રમેશ વલ્લભદાસ શાહ - 'રવ'**

## હૈયું એવું નરમ દે !

જીવન બસ, તુજ યાદમાં
વીતે, એવું વચન દે !
તુજનું સ્મરણ કર્યા કરું
સદા એવું કવન દે !
કૈં સ્વપ્ન સર્જી જીવનમાં
મહેલાતો ઊભી કરી
હવે સ્થિરત જીવન જીવવા
આ ચિત્તને મનન દે !
ચારોતરફ રહ્યા ઘૂમતા
રસ ચૂસતો ભ્રમર
ચૂસેના મન ખોટા લાભમાં
એવા સર્વ સ્વજન દે !
મતલબી લોકો કોઈકના
હો જીવન બગાડતા
બુરાઈ ઈચ્છતા એ લોકોના
થોડી ઘણી શરમ દે !
જે જે લક્ષ્મી તણા ગુમાનમાં
બ્હેંકી રહ્યા છે સતત
પ્રભુ ! તેઓ જરા ધીરા પડે
એવો કોઈ પવન દે !
જીવવા આ જિંદગી ન રાખું
ખોફ જમાનાનો જરી
'શાન્તમ' ઈચ્છે ઈજ્જત મળે
સદા એવું કરમ દે !
માનવતા તો સદા કહે છે
કોઈના દુઃખો ખાળવા
જાઉં દ્રવી જોઈ પર દુઃખો
હૈયુ એવું નરમ દે !

**ઘાટકોપર : શાન્તિભાઈ. ક. પટેલ (શાન્તમ)**

## વર્ષારાણી

વર્ષારાણી, વર્ષા રાણી
ઝરમર કરતા આવ્યા
વાદળના ગગડાટે આવ્યા
વિજળીના ચમકારે આવ્યા
માન પાનમાં લહેરાતા આવ્યા
ધરતીના તો મન મોત્યા.
તાત ના હૈયા ભીંજાયા
નાના મોટા સૌને ભાવ્યા
લાંબી વાટે જાઓ ત્યારે
પ્રેમથી વિદાય આપુ,
રૂસણા ના લેશો રાણી
તમે તો મોટા પટરાણી.
ઈશને સહારે બેઠી
ધરા તમારી દુઃખીયારી
માનવીના હૈયા ભીંજાવી
ધીમી ગતએ ચાલ્યા
જગમાં તારી જોડ ના જડતી
આંખ મીંચોલી ખેલ ના ખેલતી.

**કેમ્પ્સ કોર્નર : સરલાબહેન એન દેસાઈ**

## કુદરત કૃપા

મંદમંદ સમીર લહેરાય છે
શીતળતા આપે છે જગતને
છતાં કોઈ'દિ કહેતો નથી
હું વિશ્વના સૌને ટાઢક આપું છું

જેના કિરણો વગર અસ્તિત્વ હોય નહિ.
જે સદાય પ્રસરાવે છે કિરણો જગમાં
છતાં આપ બડાઈ મારતો નથી
એવા રવિને લાખો હો વંદના

વરાળ બનીને ગગને પહોંચે છે નીર.
વાદળો બની વરસે છે હેતથી
છતાં અભિમાનથી છેકે ના નીર
એવાં નીરને કરોડો હો સલામ

**અંધેરી :** **ઈન્દ્રવદન જે. ઝવેરી**



## આપનું પાનું

## હું તો પૂછું

હું તો પૂછું કે સિંહની ડો કે આ ઝુલ્ફીકાર
કેશવાળી કોણે કરી ?
વળી પૂછું કે ઝીબ્રાના ડીલે આ ચટ્ટાપટ્ટા
લાંબા લીટા કોણે કર્યા ?
હું તો પૂછુ કે ઘેટાના ડીલે આ ઊનનો
ઢગલો કોણે કર્યો?
વળી પૂછું કે આકાશના ટોડલે આ વાદળોમાં
ચાંદલો કોણે ચોડ્યો ?
હું તો પૂછું કે દરિયાના તળિયે રંગબેરંગી
માંછલી કોણે કરી ?
વળી પૂછું કે મગરીના ડોલે આવું
જાડું ચામડું કોણે મઢ્યું ?
હું તો પૂછું કોયલના કંઠે
આવું મીઠું ગાન કોણે મૂક્યું ?
વળી પૂછું કે આ દોડતી દુનિયાને દેખવા
આંખ મારી કોણે કરી?

**દહિસર :** **ગુણવંત પારેખ**

